**અગ્રતાક્રમ :** ૨૨

**વિભાગ : મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૫૧૭**

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ: ૦૭/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા : ચોથું સત્ર**

**પ્રશ્નનુ શિર્ષક :**

**અમદાવાદ અને બોટાદ જિલ્લામાં કુપોષિત બાળકો**

**પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રી અને તેમનો મત વિસ્તાર:**

**શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા)**

# **અનુક્રમણિકા**


| **ક્રમ** | **પ્રશ્નો** | **જવાબ પાના નંબર** |
|---|---|---|
| ૧ | પ્રશ્ન | 3 |
| ૨ | પ્રશ્નનો જવાબ | 4 |
| | પૂરક માહિતી/પૂરક પ્રશ્નોત્તરી | |
| ૩.૧ | **પૂરક પ્રશ્ન. ૧ ધારાસભ્યશ્રી – પાયલબેન કુકરાણી (નરોડા)** આંગણવાડી ખાતે આપવામાં આવતી ખાદ્ય સામગ્રી આંગણવાડી કેન્દ્રોને નિયમિત મળી રહે તે માટે શું વ્યવસ્થા કરી છે? | 5 |
| ૩.૨ | **પૂરક પ્રશ્ન. ૨ ધારાસભ્યશ્રી – દર્શનાબેન વાઘેલા (અસારવા)** આંતરરાષ્ટ્રીય મીલેટ વર્ષ –૨૦૨૩ અંતર્ગત આઈસીડીએસના પૂરક પોષણ કાર્યક્રમમાં મીલેટના સમાવેશ બાબતે શું આયોજન કરવામાં આવેલ છે? | 6 |
| ૩.૩ | **પૂરક પ્રશ્ન. ૩ ધારાસભ્યશ્રી – શંભુનાથજી ટુંઢીયા (ગઢડા)** આંગણવાડીઓમાં આપવામાં આવતો ખાદ્ય સામગ્રીનો જથ્થો યોગ્ય અને ખાવાલાયક જાય તે માટે સરકારશ્રી દ્વારા શુ વ્યવસ્થા કરી છે? | 7 |
| | | |
| ૪.૧ | **પૂરક માહિતી** **આંગણવાડી કેન્દ્રો અને જિલ્લા પ્રોફાઈલ :-- અમદાવાદ** | 8 |
| ૪.૨ | **પૂરક માહિતી** **આંગણવાડી કેન્દ્રો અને જિલ્લા પ્રોફાઈલ :-- બોટાદ** | 9 |

# 22

**અમદાવાદ અને બોટાદ જિલ્લામાં કૂપોષિત બાળકો**

*15/4/517 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર**(દાણીલીમડા): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ** મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અમદાવાદ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અમદાવાદ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે. |

| જિલ્લો | બાળકોની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૫૬૯૪૧ |
| બોટાદ | ૬૦૩૮ |

| | | |
|---|---|---|
| (૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકો કેટલા છે, | (૨) | (૨) તે પૈકી જિલ્લાવાર ઓછા અને અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે. |

| જિલ્લો | ઓછાવજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકો | કુલ |
|---|---|---|---|
| અમદાવાદ | ૪૩૬૬૪ | ૧૩૨૭૭ | ૫૬૯૪૧ |
| બોટાદ | ૪૫૨૬ | ૧૫૧૨ | ૬૦૩૮ |

| | | |
|---|---|---|
| (૩) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો, અને | (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે. |

| જિલ્લો | છેલ્લા એક વર્ષમાં થયેલ વધારો/ઘટાડો | |
|---|---|---|
| | વધારો | ઘટાડો |
| અમદાવાદ | ૩૫૧૬ | ------ |
| બોટાદ | ---- | ૨૬૦૨ |

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ દુર કરવા સરકારે શાં પગલાં લીધાં?

(૪) ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે
- સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ, અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.
- રાજયના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા સત્વ ફોર્ટિફાઈડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઈડ તેલ પુરું પાડવામાં આવે છે.
- દૂધ સંજીવની યોજના અંતર્ગત બોટાદ જિલ્લાના બરવાળા તાલુકાના આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી. પેશ્ચુરાઈઝડ ફોર્ટીફાઇડ ફલેવર્ડ દૂધ આપવામાં આવે છે.

-----------------------------------------

| | |
|---|---|
| **અગ્રતાક્રમ–૨૨** **પૂરક પ્રશ્ન.– ૧**<br>**પુછનાર ધારાસભ્યશ્રી : પાયલબેન કુકરાણી (નરોડા)** | |

**પૂરક પ્રશ્ન– ૧ આંગણવાડી ખાતે આપવામાં આવતી ખાદ્ય સામગ્રી આંગણવાડી કેન્દ્રોને નિયમિત મળી રહે તે માટે શું વ્યવસ્થા કરી છે?**

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

વહિવટી પારદર્શકતાની વાત આવે ત્યારે ગુજરાત સરકાર હંમેશા મોખરે હોય છે. આંગણવાડીમાં અપાતા આહાર માટે આંગણવાડીની માસીક જરૂરીયાત હોય તે પ્રમાણે તેની માંગણી ઈ–પુષ્ટિ સોફ્ટવેર દ્વારા કરવામાં આવે છે.

1. **<u>ટેક હોમ રેશન (THR) :</u>** માતૃશક્તિ, બાલશક્તિ અને પુર્ણાશક્તિનો જથ્થો ડેરી દ્વારા આંગણવાડી કેન્દ્ર સુધી પુરો પાડવામાં આવે છે અને આ જથ્થો **<u>OTP (One Time Password)</u>** મારફત આપવામાં આવે છે. તેમજ તેનું રીયલ ટાઇમ મોનીટરીંગ કરવામાં આવે છે. આમ આંગણવાડી સુધી જથ્થો પહોંચ્યો કે નહી તેની વિગતો રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાએ જોઇ શકાય છે અને જે જગ્યાએ નેટવર્કના પ્રશ્ન હોય ત્યા જથ્થો વિતરણ કર્યા બદલના ફોટો અપલોડ કરવામાં આવે છે.

2. આંગણવાડીમાં અપાતા ગરમ આહાર માટે અનાજનો જથ્થો ગુજરાત રાજ્ય અન્ન નાગરીક પુરવઠા નિગમ (સિવિલ સપ્લાય) મારફત આપવામાં આવે છે. આઇસીડીએસની સીસ્ટમને અન્ન નાગરીક પુરવઠા વિભાગના સોફટવેર iPDS સાથે લીંક કરી આધાર બેઝડ આઇસીડીએસ સ્ટોક કાર્ડ તૈયાર કરવામાં આવે છે અને આ 12 આંકડાના સ્ટોક કાર્ડ નંબરથી આંગણવાડી કાર્યકર સસ્તા અનાજની દુકાનેથી ઓનલાઇન જથ્થો બાયોમેટ્રિક વેરીફાઈ કરીને ઉપાડે છે. જેનું મોનીટરીંગ રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાએ થાય છે.

આમ ગુજરાત રાજ્ય દેશનું પહેલું એવું રાજ્ય છે જ્યાં ટેક હોમ રેશન અને આંગણવાડીઓને અપાતા ખાદ્ય સામગ્રીના જથ્થાને પહોંચાડવા પારદર્શક રીતે અને રીયલ ટાઇમ મોનીટરીંગ વ્યવસ્થા પ્રસ્થાપિત કરી હોય.

| **અગ્રતાક્રમ–૨૨** **પૂરક પ્રશ્ન. (૨)**<br>**પુછનાર ધારાસભ્યશ્રી : દર્શનાબેન વાઘેલા (અસારવા)** |
|---|
| **પૂરક પ્રશ્ન –૨ આંતરરાષ્ટ્રીય મીલેટ વર્ષ –૨૦૨૩ અંતર્ગત આઈસીડીએસના પૂરક પોષણ કાર્યક્રમમાં મીલેટના સમાવેશ બાબતે કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ ?** |
| **જવાબ :– માન.અધ્યક્ષશ્રી,**<br>આંતરરાષ્ટ્રીય મીલેટ વર્ષ –૨૦૨૩ અંતર્ગત વિભાગ દ્વારા "શ્રીઅન્ન"નો ઉપયોગ થી ગુજરાત રાજ્યના તમામ સગર્ભા મહિલા, ધાત્રી માતઓ, ૬ માસ થી ૬ વર્ષના બાળકો અને કિશોરીઓમાં પોષણસ્તર સુધારવા માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવાનું આયોજન કરેલ છે.<br>• **<u>શ્રીઅન્ન ઇન THR</u>**: મહિલા અને બાળવિકાસની આઇ.સી.ડી.એસ યોજના હેઠળ ૬માસ થી ૩વર્ષ સુધીના તમામ બાળકો, ૩ વર્ષ થી ૬ વર્ષના અતિ ઓછાવજનવાળા બાળકો, સગર્ભા મહિલાઓ, ધાત્રીમાતાઓ અને કિશોરીઓને પૂરકપોષણ આહાર તરીકે બાલશકિત, માતૃશકિત અને પૂર્ણાશકિત ટેક હોમ રેશન **<u>(THR)</u>**તરીકે આપવામાં આવે છે. જેમાં હાલમાં પ્રાયોગિક ધોરણે ત્રણ જિલ્લામાં છ ઘટકમાં ઘટકમાં શરૂ કરવામાં આવેલ છે.<br>• **<u>શ્રીઅન્ન ઇન હોટ કૂક મીલ</u>**: આંગણવાડી કેન્દ્રો ઉપર ૩ થી ૬ વર્ષના બાળકો માટે આપવામાં આવતા ગરમ નાસ્તાના મેનૂમાં શ્રીઅન્ન– મીલેટનો સમાવેશ કરવાનું આયોજન છે.<br>• **<u>શ્રીઅન્ન ઇન પોષણ સુધા યોજના</u>** : ૧૪ આદિજાતિ જિલ્લાઓમાં ચાલતા પોષણ સુધા યોજના અંતર્ગત સગર્ભા અને ધાત્રીમાતાઓને આપવામાં આવતુ એક સમયનું સંપૂર્ણ ભોજનના મેનૂમાં શ્રીઅન્નનો સમાવેશ કરવાનું આયોજન છે.<br>અને આઈસીડીએસ હેઠળ આયોજિત કરવામાં આવતા વિભિન્ન કાર્યક્રમો મારફતે વર્ષ ૨૦૨૪ માં "શ્રીઅન્ન" નો લોકો દ્વારા વધારે ઉપયોગ કરવામાં આવે તે માટે પ્રયત્ન કરવામાં આવશે. |

| અગ્રતાક્રમ–૨૨ પૂરક પ્રશ્ન. ૩<br>પુછનાર ધારાસભ્યશ્રી : શંભુનાથજી ટુંઢીયા (ગઢડા) |
|---|
| **પૂરક પ્રશ્ન : ૩ આંગણવાડીઓમાં આપવામાં આવતો ખાદ્ય સામગ્રીનો જથ્થો યોગ્ય અને ખાવાલયક જાય તે માટે સરકારશ્રી દ્વારા શુ વ્યવસ્થા કરી છે?** |
| **જવાબ : માન.અધ્યક્ષશ્રી,**<br>આઇસીડીએસ યોજના અંતર્ગત બે પ્રકારની ખાદ્યસામગ્રી આંગણવાડી મારફત પુરી પાડવામાં આવે છે.<br>• **પહેલો પ્રકાર:**–ટેક હોમ રેશન**(THR)** જે વિવિધ ડેરી મારફત આપવામાં આવે છે. તેની એક એક બેચનું લેબોરેટરી પરીક્ષણ જિલ્લા ડેરીની લેબોરેટરી મારફત થાય છે અને પરીક્ષણ થયા પછી ખાવાલયક જથ્થાનું જ વિતરણ કરવામાં આવે છે. તેમજ સરકારશ્રી દ્વારા પણ આ જ જથ્થાનું રેન્ડમ સેમ્પલીંગ વડોદરાની ફુડ એન્ડ ડ્રગ લેબોરેટરી દ્વારા પરીક્ષણ કરવામાં આવે છે.<br>• **બીજો પ્રકાર:**–આંગણવાડીમાં ગરમ આહાર બનાવવા માટે આપવામાં આવતા અનાજના અને તેલના જથ્થાની ખરીદી સમયે જથ્થાનું પરીક્ષણ ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી. દ્વારા કરવામાં આવે છે અને જથ્થો લેબોરેટરી ટેસ્ટીંગમાં પાસ થયા બાદ જ જિલ્લાઓને પહોંચતો કરવામાં આવે છે.<br>આમ, જથ્થો અખાદ્ય કે બિનખાવાલયક હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.<br>આમ, અમારી સંવેદનશીલ સરકાર આંગણવાડીના બાળકો, કિશોરીઓ અને માતાઓને આરોગ્યપ્રદ અને પૌષ્ટીક આહાર પુરો પાડવા પુરે પુરી કટિબધ્ધ છે. |

| જિલ્લા પ્રોફાઇલ : અમદાવાદ | | | |
|---|---|---|---|
| **ક્રમ.** | **વિગત** | **સંખ્યા** | **ટકા (%)** |
| ૧ | કુલ મંજુર આંગણવાડી કેંદ્રોની સંખ્યા | 1500 | 100% |
| ૨ | કાર્યાન્વિત આંગણવાડી કેંદ્રોની સંખ્યા | 1500 | 100% |
| ૩ | પોતાના મકાન ધરાવતી આંગણવાડી | 1058 | 70% |
| ૪ | ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડી | 222 | 15% |
| ૫ | અન્ય જાહેર બિલ્ડિંગમાં ચાલતી આંગણવાડી | 220 | 15% |
| ૬ | પોતાના મકાનમાં વીજ કનેક્શન ધરાવતા આંગણવાડી | 1500 | 100% |
| ૭ | પોતાના મકાનમાં પીવાના પાણીની સુવિદ્યા ધરાવતા આંગણવાડી | 1500 | 100% |
| ૮ | પોતાના મકાનમાં સેનિટેશન સુવિદ્યા ધરાવતા આંગણવાડી | 1496 | 99.66% |
| ૯ | કુલ લાભાર્થી | 144643 | 100% |
| ૧૦ | ૬ માસ થી ૩ વર્ષના બાળકો | 47631 | 32.94% |
| ૧૧ | ૩ વર્ષ થી ૬ વર્ષના બાળકો | 50595 | 34.97% |
| ૧૨ | સગર્ભા અને ધાત્રી માતાઓ | 13536 | 9.35% |
| ૧૩ | કિશોરીઓ (૧૫ થી ૧૮ વર્ષ) | 32881 | 22.74% |

| જિલ્લા પ્રોફાઇલ: બોટાદ | | | |
|---|---|---|---|
| ક્રમ. | વિગત | સંખ્યા | ટકા (%) |
| ૧ | કુલ મંજુર આંગણવાડી કેંદ્રોની સંખ્યા | 569 | 100 |
| ૨ | કાર્યાન્વિત આંગણવાડી કેંદ્રોની સંખ્યા | 569 | 100 |
| ૩ | પોતાના મકાન ધરાવતી આંગણવાડી | 424 | 74.50 |
| ૪ | ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડી | 114 | 20.00 |
| ૫ | અન્ય જાહેર બિલ્ડિંગમાં ચાલતી આંગણવાડી | 31 | 5.50 |
| ૬ | પોતાના મકાનમાં વીજ કનેક્શન ધરાવતા આંગણવાડી | 424 | 100 |
| ૭ | પોતાના મકાનમાં પીવાના પાણીની સુવિધા ધરાવતા આંગણવાડી | 424 | 100 |
| ૮ | પોતાના મકાનમાં સેનિટેશન સુવિધા ધરાવતા આંગણવાડી | 412 | 97.16 |
| ૯ | કુલ લાભાર્થી | 62616 | 100 |
| ૧૦ | ૬ માસથી ૩ વર્ષના બાળકો | 20564 | 32.84 |
| ૧૧ | ૩ વર્ષ થી ૬ વર્ષના બાળકો | 17718 | 28.29 |
| ૧૨ | સગર્ભા અને ધાત્રી માતાઓ | 7903 | 12.63 |
| ૧૩ | કિશોરીઓ (૧૫ થી ૧૮ વર્ષ) | 16431 | 26.24 |